Re-Accredited by NAAC with 'A' Grade
**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

## સેનેટ ચૂંટણીના વિવિધ વિદ્યાશાખાના
## સ્નાતક મતદાર વિભાગના મતદારોની
## રિન્યુઅલ નોંધણી / ડીગ્રી ધારકોની ફ્રેશ નોંધણી અંગે

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સેનેટની ચૂંટણીના વિવિધ વિદ્યાશાખાના સ્નાતક મતદાર વિભાગની મતદાર યાદીમાં સમાવેશ કરેલ મતદારો પૈકી જે મતદારોની નોંધણીની મુદ્દત તા. ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ પુર્ણ થનાર છે તો તેવા મતદારોએ તેઓની નોંધણી રિન્યુ કરાવવાની હોય તો તેવા રિન્યુઅલ નોંધણી કરાવવા ઈચ્છુક મતદારો અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં રહેતા જે ડીગ્રી ધારકોએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી માંથી ડીગ્રી મેળવી હોય તેવા ડીગ્રી ધારકો અથવા સ્ટેટયુટ–૩(૩)માં દર્શાવેલ જોગવાઈ મુજબની યુનિવર્સિટી માંથી ડીગ્રી મેળવી હોય તેવા ડીગ્રી ધારકોએ જો ફ્રેશ નોંધણી કરાવવી હોય તો તેવા ડીગ્રી ધારકોએ જાહેર રજાઓના દિવસો સિવાય એટલે કે કાર્યાલયના કામકાજના દિવસે અને કામકાજના સમયે જ યુનિવર્સિટી કાર્યાલયના હિસાબી વિભાગમાંથી નીચે મુજબની લાગુ પડતી નોંધણીનું ફોર્મ નિયત સમય પહેલા નિયત ફી જમા કરાવ્યેથી મેળવી, નોંધણી ફોર્મમાં દર્શાવેલ સંપુર્ણ વિગતો ભરી યુનિવર્સિટી કાર્યાલયના સેનેટ/ સિન્ડિકેટ વિભાગમાં જરૂરી ચકાસણી કરાવી નોંધણીની લાગુ પડતી ફી હિસાબી વિભાગમાં નિયત સમય પહેલા જમા કરાવ્યેથી તેવા મતદારો / ડીગ્રી ધારકોની રિન્યુઅલ / ફ્રેશ નોંધણી તા. ૦૧–૦૧–૨૦૨૧ થી આગામી (૫) પાંચ વર્ષ માટે કરવામાં આવશે.

સ્ટેટયુટ– ૪(૩) (એ)ની જોગવાઈ અન્વયે તા. ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ વિવિધ વિદ્યાશાખાઓના નોંધાયેલા સ્નાતકોની અરજી પ્રમાણેની તૈયારી કરેલી યાદીઓ તા. ૦૮–૦૧–૨૦૨૧ થી તા. ૩૦–૦૧–૨૦૨૧ સુધી યુનિવર્સિટી વેબસાઈટ **www.vnsgu.ac.in** પર જોઈ શકાશે અને તેમાં કોઈ સુધારો વધારો જણાય તો જે તે અરજદારે તેમની ઓળખના આધાર પુરાવા સાથે તા. ૩૦–૦૧–૨૦૨૧ સુધીમાં કુલસચિવશ્રી, વી.ન.દ.ગુ. યુનિવર્સિટી, સુરતને તે અંગે લેખિતમાં અરજી કરવાની રહેશે અને આ સુધારા અંગે કુલપતિશ્રીનો નિર્ણય આખરી રહેશે.

ફેકલ્ટી ઓફ ટેકનોલોજી ઈન્કલુડીંગ એન્જિનિયરીંગ હેઠળની કોઈ પણ કોલેજ કે સંસ્થા વી. ન. દ. ગુ. યુનિવર્સિટી, સુરત સાથે સંલગ્ન નહીં હોય સદર વિદ્યાશાખાની પદવીઓ ધરાવનાર કોઈપણ વિદ્યાર્થીની નોંધણી કરવામાં આવશે નહીં.

| ક્રમ | નોંધણીનો પ્રકાર | ફોર્મ ફી | નોંધણી ફી | નોંધણી કરાવવાની છેવટની તારીખ |
|---|---|---|---|---|
| ૧. | રિન્યુઅલ નોંધણી | ૩/– | ૫/– | ૧૪ ડિસેમ્બર ૨૦૨૦ |
| ૨. | ફ્રેશ નોંધણી | ૩/– | ૨૦/– | ૩૦ નવેમ્બર ૨૦૨૦ |

નોંધ : વિવિધ વિદ્યાશાખાના સ્નાતકોના મતદાર વિભાગના મતદારોએ રિન્યુઅલ નોંધણી માટે તેમજ યુનિવર્સિટી વિસ્તારમાં રહેઠાણ ધરાવતા અન્ય યુનિવર્સિટી માંથી ડીગ્રી મેળવેલ હોય તેવા ડીગ્રી ધારકોએ ફ્રેશ નોંધણી માટે યુનિવર્સિટી કાર્યાલયના સેનેટ/ સિન્ડિકેટ વિભાગનો સંપર્ક કરવા વિનંતી છે.

**Sd/-**

**તા. ૨૦–૧૦–૨૦૨૦** **ઈ.ચા. કુલસચિવ**